ગોંડલમાં છેડતીની ફરિયાદનો ખાર રાખી ચાર શખ્સોનો પિતા-પુત્ર-ભત્રીજા પર હુમલો

બાઈક આંતરીને માર માર્યો : બંને પિતરાઈ રાજકોટ સિવિલમાં દાખલ

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૨૬

ગોંડલમાં છેડતી મુદ્દે કરેલી ફરિયાદનો ખાર રાખી ચાર શખ્સોએ ગઇકાલે જમવા નિકળેલા પરિવારને બાઇકને આંતરી માર માર્યો હતો. જેમાં પિતા- પુત્ર અને ભત્રીજાને ઇજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલમાં આવેલા ખોડિયાર નગરમાં રહેતા દિલીપભાઇ ચનાભાઇ ડાભી રાત્રીના સમયે પોતાના ઘરે હતા ત્યારે ભરત સહિતના શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો. યુવકને ઇજા

પહોંચતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં ઇજાગ્રસ્ત યુવકની પુત્રીની હુમલાખોર શખ્સના પુત્રએ છેડતી કરી હતી. જે અંગે ફરિયાદ નોંધાઇ હતી. જે ફરિયાદનો ખાર રાખી ગઇકાલે બે બાઇક લઇ જમવા નિકળેલા દિલીપભાઇ ડાભી તેના પુત્ર જતીન ડાભી (ઉ.વ.૨૨) અને ભત્રીજા અનીલ રમેશભાઇ ડાભી (ઉ.વ.૨૫)ને માર માર્યો હતો. બંને પિતરાઇને સારવાર માટે ગોંડલ હોસ્પિટલમાં જયારે દિલીપભાઇ ડાભીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે ગોંડલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કેશોદમાં પુત્રના હુમલામાં ઘાયલ પિતાનું સારવારમાં મોત

બનાવ હત્યામાં પલટાયો : પીએમનો રિપોર્ટ અનામત રખાયો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૬

કેશોદના ઈન્દિરાનગરમાં ગત તા. ૧૯ના રોજ પુત્રના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધ પિતાનું જૂનાગઢ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અંગેની પોલીસ માંથી જાણવા મળતી વિગત મુજબ, કેશોદના ઈન્દિરાનગરમાં રહેતા પ્રેમજીભાઈ હીરાભાઈ રાઠોડ ગત તા. ૧૯ના રોજ બપોરે ઘરે હતા, ત્યારે તેમનો પુત્ર મહેન્દ્ર ઘરે ગયો હતો. અને સામાન્ય બાબતમાં ગાળો બોલી ઉગે બોલાચાલી કરી પાઈપ વડે તેના પિતા પ્રેમજીભાઈના હાથ-પગ પર હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર ઈજા પામેલા પ્રેમજીભાઈને પ્રથમ કેશોદ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

ઘટના બાદ પીએમ કરવામાં આવ્યું હતું, પરંતુ મેડિકલ ઓફિસરે હાલ પૂરતું મોતના સાચા કારણ અંગેનો નિર્ણય અનામત રાખ્યો છે. હિસ્ટોપેથોલોજી રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ જાહેર થશે. હાલ કેશોદ પોલીસે આ મામલે અકસ્માતે મોત (એ.ડી.) નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ધામળેજમાં ખાનગી કંપની સામે સતત ત્રીજા દિવસે ખેડૂતોનો વિરોધ

માઈન્સમાંથી પાણી કાઢવાની કામગીરીને અટકાવાઈ

(પ્રતિનિધિ દ્વારા) ધામળેજ તા.૨૬

ધામળેજમાં ખાનગી કંપની દ્વારા માઈન્સમાંથી પાણી કાઢવાની કામગીરી સામે સતત ત્રીજા દિવસે ખેડુતોએ વિરોધ નોંધાવ્યો હતો. ખેડુતોએ માઈન્સના સ્થળે પહોચી પાણી કાઢવાની કામગીરીને અટકાવી હતી.

તસવીરઃ પરેશ લશ્કરી

માઇન્સમાંથી પાણી કાઢવાની કામગીરીના મુદ્દે આજે ત્રીજા દિવસે પણ ખેડૂતોનો વિરોધ યથાવત રહ્યો હતો. વહેલી સવારથી જ ખાનગી કંપની દ્વારા કામગીરી હાથ ધરવામાં આવવાના સમાચાર મળતા મોટી સંખ્યામાં ખેડૂતો સ્થળ પર એકઠા થયા હતા.

ખેડૂતોએ કંપનીની કામગીરીનો ઉગ્ર વિરોધ કરી કામ અટકાવ્યું હતું. આ વિરોધમાં મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી અને સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ખેડૂતો પરિવાર સાથે સ્થળ પર પહોંચી વિરોધ નોંધાવતા સમગ્ર મામલો વધુ ગરમાયો હતો.

માઇન્સમાંથી પાણી કાઢવાના મુદ્દે સતત ત્રીજા દિવસે પણ ખેડૂતોનો વિરોધ ચાલુ રહેતા હવે તંત્ર અને કંપની દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર છે.

જસદણના કુંદણી ગામેથી લાપતા થયેલા આધેડની તેની જ વાડીના કુવામાંથી લાશ મળી

આંટો મારવા ગયા ત્યારે પગ લપસતા કૂવામાં પડી ગયાનું અનુમાન

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૨૬

જસદણના કુંદણી ગામે રહેતાં ખેડુત ગુરૂવારે ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થઇ ગયા બાદ ગઇકાલે તેમની જ વાડીના કૂવામાંથી ફુલાઇ ગયેલી હાલતમાં તેમની લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ છે. પરિવારજનો ઠેકઠેકાણે શોધખોળ કરી રહ્યાહતાં ત્યારે શેઢા પાડોશીએ વાડીના કૂવામાં ચપ્પલ તરતાં હોવાની જાણ કરતાં પરિવારજનોએ તપાસ કરતાં કૂવા અંદરથી લાશ મળી હતી. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે પોલીસે મૃતદેહ રાજકોટ ખસેડયો હતો. જાણવા મળ્યા મુજબ કુંદણી ગામે રહેતાં લાલજીભાઈ બીજલભાઇ હાંડા (ઉ.વ.૪૮) ગુરૂવારે સવારે ઘરેથી નીત્યક્રમ મુજબ નીકળ્યા હતાં. વાડીએ આંટો મારીને બીજા એક કામે જવાના હોવાનું કહીને તેઓ નીકળ્યા હતાં. જો કે મોડી સાંજ સુધી તેઓ પરત ન આવતાં અને ફોન પણ ન લાગતાં પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતાં અને સગા સંબંધીઓને ત્યાં શોધખોળ શરૂ કરી હતી. ગઇકાલે બપોર સુધી તેમનો પત્તો ન મળતાં પરિવારજનો પોલીસ સ્ટેશને જવાની તૈયારીમાં

હતાં ત્યાં જ લાલજીભાઈની જ્યાં વાડી છે ત્યાના શેઢા પાડોશીએ ફોન કરી જાણ કરી હતી કે તમારી વાડીના કૂવામાં ચપ્પલ તરે છે. આથી પરિવારજનો તુરત જ વાડીએ પહોંચ્યા હતાં અને કૂવામાં જોતાંએ ચપ્પલ લાલજીભાઈના જ હોવાનું જણાતાં તરવૈયાઓ મારફત અંદર તપાસ કરતાં મૃતદેહ મળી આવતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો. જસદણ પોલીસને જાણ કરતાં પોલીસ પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી કરી જસદણ હોસ્પિટલે મૃતદેહ ખસેડયો હતો. જો કે મૃતદેહ ફુલાઈ ગયોહોઈ ફોરેન્સિક પોસ્ટ મોર્ટમનું કહેવાતા મૃતદેહ રાજકોટ ખસેડાયો હતો. મૃત્યુ પામનાર લાલજીભાઈ બેભાઈ અને બે બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરી અનેબેદિકરાછે. વાડીએપગ લપસી જતાં કૂવામાં પડી ગયાની શક્યતા પરિવારજનોએ જણાવી હતી.

વિંછીયાના દુષ્કર્મ, વ્યાજખોરીના કેસમાં આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી

વ્યાજની ઉઘરાણી કરી, મહિલાને હવસનો શિકાર બનાવી હતી

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૨૬

રાજકોટ જિલ્લાના વિંછીયામાં વ્યાજે રૂપિયા આપી પઠાની ઉઘરાણી કરી મહિલાને હવસનો શિકાર બનાવવાના વ્યાજ વટાવ અને દુષ્કર્મના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીએ કરેલી જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. આ કેસની હકીકત મુજબ, વીંછીયામાં રહેતા ફરિયાદીએ રમેશભાઈ ઠાકરશીભાઈ પંચાળા પાસેથી માસિક ૧૦ ટકાના વ્યાજે રૂ.૧૦,૦૦૦ લીધા હતા, જે રૂપિયા વ્યાજ સાથે પરત ચૂકવી આપ્યા હતા. ત્યારબાદ પોતાના દીકરાના લગ્ન પ્રસંગ માટે ફરિયાદીએ ૨૦ ટકાના ઊંચા વ્યાજે રૂ.૧,૫૦,૦૦૦ લીધા હતા. જેનું ત્રણ મહિનામાં રૂ.૯૦,૦૦૦ જેટલું વ્યાજ ભર્યા બાદ ફરિયાદીએ પત્નીના નામે બેંક લોન મેળવીને આરોપીને વધુ રૂ.૧,૦૦,૦૦૦ ચૂકવી દીધા હતા. છતાં આરોપી રમેશે વધુ રૂ.૮૦,૦૦૦ની પઠાણી ઉઘરાણી ચાલુ રાખી પરિવારને ધમકીઓ આપી માનસિક ત્રાસ ગુજાર્યો હતો તથા ફરિયાદીના પુત્રનું બાઈક પણ ગેરકાયદેસર રીતે પડાવી ગયો હતો. ફરિયાદી ઘરે હાજર ન હતા ત્યારે આરોપી રમેશ તેના ઘરે પહોંચ્યો હતો.

પૈસાની ઉઘરાણી કરી ફરિયાદીની પત્નીને ધમકાવી બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. ઘટના સમયે ફરિયાદી સ્થળ પર પહોંચી જતાં આરોપી ત્યાંથી ભાગી ગયો હતો અને પોલીસ ફરિયાદ ન કરવા વારંવાર ધમકીઓ આપતો હતો. આખરે કંટાળીને ફરિયાદીએ વિંછીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. આરોપીએ પોતાના વકીલ મારફત રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે ચાલી જતા કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસમાં મૂળ ફરિયાદી વતી યુવા એડવોકેટ જયદીપભાઈ વી. ગીડા અને કૌશલરાજસિંહ ડી. વાળા રોકાયા હતા.

પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ

વિવિધ સુવિધાઓમાં સુધારણા અને મોડ્યુલર ઓપરેશન થિયેટરનો વિકાસ

ટેન્ડર સૂચના નંબર: DRM/RJT/E-Tender/2026-2027/37 (EL) તા. 26.09.2026; કચેરીનું સરનામું: મંડળ રેલવે મેનેજર (વિદ્યુત), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360 001; **વેબસાઈટ: www.ireps.gov.in; (1) ટેન્ડર નંબર: DRM /RJT/EL/2026-2027/37; (i) કામનું નામ:** રાજકોટ મંડળ: રાજકોટ ખાતે રેલવે હોસ્પિટલમાં વિવિધ સુવિધાઓમાં સુધારણા અને મોડ્યુલર ઓપરેશન થિયેટરનો વિકાસ. **(ii) અંદાજિત કિંમત:** ₹ 48,56,439.05/-; **(iii) EMD રકમ:** ₹ 97,100/-; **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** 19.10.2026ના રોજ 15:00 કલાક સુધી.

RJT – 153

અમને લાઇક કરો: facebook.com/WesternRly

મોરબીના બૂટલેગરને પાસા હેઠળ સુરત જેલ હવાલે કરાયો

(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા.૨૬

મોરબી એલસીબીની કાર્યવાહીમાં તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશન હેઠળના ગુનામાં દિપેશ ઉર્ફે રાહુલ પટણી સામે પાસા વોરંટ ઇસ્યુ થતા તેને ડિટેઈન કરી લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવ્યો છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનની અસામાજિક પ્રવૃત્તિમાં સંડોવાયેલા ચિત્રોડ તા. રાપર જી. કચ્છના દિપેશ ઉર્ફે રાહુલ પુંજાભાઇ ધનાભાઇ પટણી ઉવ.૩૭ સામે મોરબી એલસીબી દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ત્યારે જીલ્લા મેજિસ્ટ્રેટે આરોપી વિરુદ્ધ લાજપોર મધ્યસ્થ જેલ સુરતનું પાસા વોરંટ ઇસ્યૂ કર્યું હતું. જેથી મોરબી એલસીબી પીઆઇ એસ.પી. જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી/પેરોલ-ફર્લો સ્કોડ ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી, જે દરમિયાન આરોપી ગળપાદર જેલમાંથી જામીન પર મુક્ત થયા બાદ તેને મોરબી એલસીબી કચેરી ખાતે લાવવામાં આવ્યો હતો જે બાદ આરોપી દીપેશ ઉર્ફે રાહુલને પાસા એક્ટ હેઠળ ડિટેઇન કરી લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

તસવીરઃ અતુલ જોષી

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **ખૂંટ શોભનાબેન મહેશભાઈ** જાહેર કરું છું મારું જુનુ નામ **ખૂંટ શોભનાબેન મહેશકુમાર** હતું તેમાથી મે મારૂ નામ **ખૂંટ શોભનાબેન મહેશભાઈ** કરેલ છે અને હવે પછી હું **ખૂંટ શોભનાબેન મહેશભાઈ** તરીકે ઓળખાઇશ.

સરનામું: ગાયત્રી નગર પાસે, વેરાવળ, રાજકોટ-૩૬૦૦૨૪. તારીખ: ૨૭-૦૯-૨૦૨૬

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **ઉસદડીયા કૈલાશભાઇ જયંતિભાઇ** જાહેર કરૂં છું કે મે મારૂ જુનું નામ **ઉસદડીયા કૈલાશ જેરામભાઇ** માંથી બદલીને **ઉસદડીયા કૈલાશભાઇ જયંતિભાઇ** કરેલ છે અને હવે પછીથી હું મારા નવા નામ **ઉસદડીયા કૈલાશભાઇ જયંતિભાઇ** તરીકે ઓળખાઇશ.

ઉસદડીયા કૈલાશભાઇ જયંતિભાઇ
રાજકોટ.
તા. ૨૭-૦૯-૨૦૨૬

નામ બદલાવેલ છે

આથી હું **જાવીયા કાજલબેન વિજયભાઇ** જાહેર કરૂ છું કે મારૂ નામ **જાવીયા કાજલબેન વિજય** માંથી બદલાવીને **જાવીયા કાજલબેન વિજયભાઇ** કરેલ છે.

જાવીયા કાજલબેન વિજયભાઇ
રહે. રાજકોટ, તા. ૨૭/૦૯/૨૦૨૬

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **રીટાબેન કૈલાશભાઇ ઉસદડીયા** જાહેર કરૂં છું કે મે મારૂ જુનું નામ **રીટાગૌરી વલ્લભભાઇ ખૂંટ** માંથી બદલીને **રીટાબેન કૈલાશભાઇ ઉસદડીયા** કરેલ છે અને હવે પછીથી હું મારા નવા નામ **રીટાબેન કૈલાશભાઇ ઉસદડીયા** તરીકે ઓળખાઇશ.

રીટાબેન કૈલાશભાઇ ઉસદડીયા
રાજકોટ.
તા. ૨૭-૦૯-૨૦૨૬

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **કડછા દિલિપ લખમણ** જાહેર કરૂ છું કે મે મારૂ નામ **કડછા દિલિપ લખમણભાઈ** માંથી બદલાવીને **કડછા દિલિપ લખમણ** કરેલ છે અને હવે પછી થી હું **કડછા દિલિપ લખમણ** તરીકે ઓળખાઇશ.

કડછા દિલિપ લખમણ
કુતિયાણા, જિલ્લો પોરબંદર ૩૬૨૬૫૦

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **અજમલ આસિફભાઈ કાસમાણી** જાહેર કરૂ છું કે મારૂ જુનુ નામ **કાસમાણી મોહમ્મદ અજમલ આસિફભાઇ** હતું જેમાંથી મારૂ નામ **અજમલ આસિફભાઇ કાસમાણી** કરેલ છે, અને હવે પછી હું **અજમલ આસિફભાઇ કાસમાણી** તરીકે ઓળખાઇશ.

અજમલ આસિફભાઈ કાસમાણી

CHANGE OF NAME

This is to notify that I have changed my Name from **Sarfaraj Jusabbhai Chavda** to **Sarfarajbhai Jusabbhai Chavda.**

Sarfarajbhai Jusabbhai Chavda
Slum Quarter NO.158, Bapunagar Main Road, Near Jilla Garden, Bhaktinagar, Rajkot-360002, Gujarat.

નામ બદલાવેલ છે

આથી હું **જાવીયા વિજયભાઇ જગદીશભાઇ** જાહેર કરૂ છું કે મારૂ નામ **જાવીયા વિજય જગદીશભાઇ** માંથી બદલાવીને **જાવીયા વિજયભાઇ જગદીશભાઇ** કરેલ છે.

જાવીયા વિજયભાઇ જગદીશભાઇ
રહે. રાજકોટ, તા. ૨૭/૦૯/૨૦૨૬

જાહેર હરરાજી

શ્રી ઓલવાણ સીમ પ્રા.શાળા તા.ઉના જિ.ગીર સોમનાથ જાહેર હરાજી

ઉના તાલુકાની શ્રી તડપે.સે.શાળાની પેટાશાળા શ્રી ઓલવાણ સીમ પ્રા.શાળામાં જિ.પ્રા.શિ.અધિકારી સા.શ્રીના ૨૩/૦૧/૨૦૨૬ના પત્ર અન્વયે ૧ સ્લેબવાળા વર્ગખંડની (જર્જરીત હાલતમાં) જાહેર હરાજી કરવાની છે.

- હરાજીની તારીખ–03/૧૦/૨૦૨૬ સમય–૧૦ કલાકે
- જેની અપસેટ પ્રાઈઝ રૂા. ૯૬૭૪/– છે. શરતો સ્થળપર વાંચી સંભળાવવામાં આવશે.

સ્થળ : ઓલવાણ સીમ પ્રા.શાળા
ભાગલેનાર વ્યક્તિએ આધારકાર્ડ ફરજીયાત લાવવું ડીપોજીટ પેટે ૨૦૦૦ જમા કરાવવાના રહેશે.

આચાર્ય શ્રી
તેમજ એસ.એમ.સી. શ્રી ઓલવાણ સીમ પ્રા.શાળા તા.ઉના જિ.ગીર સોમનાથ

મોરબીઃ ખેત તલાવડીમાં ડુબી જતા યુવકનું મોત

(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા.૨૬: મોરબીના લક્ષ્મીનગર વિસ્તારમાં ખેતરમાં પાણી ભરેલી તલાવડીમાં ડૂબી જતા ૩૧ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે. મળતી વિગત મુજબ, અજયભાઈ પોપટભાઈ રાઠોડ ઉવ.૩૧ રહે. લક્ષ્મીનગર ચુનીભાઈ કાસુંદ્રાની વાડી તા.જી.મોરબી વાળા પોતાના ખેતરમાં હતા ત્યારે પાણી ભરેલી ખેત તલાવડીમાં ડૂબી ગયા હતા. બનાવમાં તેમનું મોત નીપજતાં પિતા પોપટભાઈ રાઠોડ તેમને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે મરણ નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

હાલાર પંથકમાંથી પાંચ દિવસમાં રૂ.૫.૮૪ કરોડની વીજ ચોરી ઝડપાઈ

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૨૬

જામનગર પીજીવીસીએલ કચેરી દ્વારા જામનગર તથા દ્વારકા જિલ્લામાં પાંચ દિવસ સુધી રાખવામાં આવેલી ચેકીંગ ડ્રાઈવમાં રૂ. ૫.૮૪ કરોડની વીજચોરી પકડી લેવામાં આવી હતી. ચેક કરાયેલા ૩૮૨૫ જોડાણમાંથી ૫૩૨ જોડાણમાં ગેરરીતિ મળતા બીલ આપવામાં આવ્યા હતા.

જામનગરની સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા ગયા સોમવાર થી શુક્રવાર સુધી જામનગર શહેર-જિલ્લા તથા દ્વારકા જિલ્લામાં વીજચોરી પકડવા માટે ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં રૂ.૫ કરોડ ૮૪ લાખ ની વીજચોરી ઝડપાઈ જવા પામી હતી. જામનગર પીજીવીસીએલ કચેરીના સ્ટાફ દ્વારા કાલાવડ, લાલપુર, ધ્રોલ તથા જામનગર શહેર અને દ્વારકા જિલ્લાના ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર તાલુકામાં બાવન ટૂકડીઓ દ્વારા વીજ ચેકીંગ કરાયું હતું. પાંચ દિવસમાં ૩૮૨૫ વીજ જોડાણ ચકાસવામાં અવ્યા હતા. જેમાંથી ૫૩૨ વીજ જોડાણમાં ગેરરીતિ મળી આવતા તેના ધારકોને રૂ. ૫.૮૪ કરોડ ના બીલ ફટકારવામાં આવ્યા છે.

કાલાવડમાં સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૨૬

જામનગર ના કાલાવડ નાકા બહારના વિસ્તારમાં એક તરૂણીને પ્રેમજાળમાં ફસાવી એક શખ્સે દુષ્કર્મ ગુજાર્યાની પોલીસમાં ફરિયાદ થતાં આરોપીને ઝડપી લઈ જેલ હવાલે કર્યો છે.જામનગરના સુભાષ શાક માર્કેટ વિસ્તારમાં રહેતા અરબાઝ નામના શખ્સે કેટલાક સમય પહેલાં કાલાવડ નાકા બહારના વિસ્તારમાં વસવાટ કરતા એક પરિવારની સત્તર વર્ષની સગીર વયની પુત્રી સાથે પ્રેમસંબંધ કેળવ્યો હતો. ત્યારપછી આ શખ્સે તેણી પર દુષ્કર્મ ગુજારતા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસે પોક્સો એક્ટ હેઠળની કલમો હેઠળ ગુન્હો નોંધી શરૂ કરેલી તપાસમાં આરોપી અરબાઝ ઝડપાઈ ગયો છે. અદાલતમાં રજૂ કરાયેલા આરોપીને જેલહવાલે કરવામાં આવ્યો છે. આ શખ્સ સામે અગાઉ હુમલો, ધમકી, ચોરી સહિત ના ચાર ગુન્હા નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

pnb punjab national bank ...the name you can BANK upon!

સ્ટ્રેસ્ડ એસેટ મેનેજમેન્ટ શાખા, મુંબઈ
પીએનબી પ્રગતિ ટાવર, પહેલો માળ, પ્લોટ નં. સી-૯, જી-બ્લોક, બાંદ્રાકુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૫૧, ઈમેલ: zs8356@pnb.bank.in

સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચવામાં આવેલ સ્થાવર સંપત્તિના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત(ઓ) જે સુરક્ષિત લેણદાર પાસે ગીરવે મૂકવામાં આવી છે/ચાર્જ કરવામાં આવી છે, જેનો રચનાત્મક/ભૌતિક/પ્રતિકાત્મક કબજો બેંક/સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", અને "જે છે તે"ના આધારે નીચે આપેલા કોષ્ટકમાં દર્શાવેલ તારીખો પર, સંબંધિત કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી બેંક/સુરક્ષિત લેણદારને તેના બાકી લેણાંની વસૂલાત માટે વેચવામાં આવશે. અનામત કિંમત અને બાનાની રકમ જમા કરવા સંબંધિત મિલકતો સામે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

સુરક્ષિત સંપત્તિઓનું સમયપત્રક

લોટ નં.	શાખાનું નામ / ખાતાનું નામ / કરજદાર/જામીનદારોના ખાતાના નામ અને સરનામા	સ્થાવર મિલકતોનું વર્ણન ગીરો/માલિકોના નામ (મિલકત(ઓ)ને ગીરો રાખનારા(ઓ))	અ) સરફેઈસી અધિનિયમ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસની તારીખ બ) બાકી રકમ (રૂ.માં) ક) સરફેઈસી અધિનિયમ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ કબજાની તારીખ ડ) કબજાની પ્રકૃતિ પ્રતિકાત્મક/ભૌતિક/રચનાત્મક	અ) અનામત કિંમત (રકમ રૂ.માં) બ) ઈએમડી (રકમ રૂ.માં) ક) બોલીમાં વધારાની રકમ (રકમ રૂ.માં)	ઈ-હરાજીની તારીખ/સમય	સુરક્ષિત લેણદારોને જાણીતા બોજાની વિગતો
૧.	સ્ટ્રેસ્ડ એસેટ મેનેજમેન્ટ શાખા, મુંબઈ મેસર્સ બ્લીઝાર્ડ સિરામિકા એલએલપી મેસર્સ બ્લીઝાર્ડ સિરામિકા એલએલપી (કરજદાર) (એલએલપી ફર્મ) સરનામું- સર્વે નંબર ૮૩/૧, ૮૩/૨, ૮૩/૩, ૮૩/૪, લુણસર રોડ ભોજપરા સામે, ૮-એ, નેશનલ હાઈવે, જેતપરડા, તાલુકો-વાંકાનેર, જિલ્લો-મોરબી, ગુજરાત-૩૬૩૬૨૧ શ્રી શૈલેષ ઈશ્વરભાઈ પટેલ (નિયુક્ત ભાગીદાર) સરનામું મું: શ્રીકુંજ-૨, પ્લોટ નં.-૬, અવધ-૪ની બાજુમાં, નાનીકિનાલ પાસે, કન્યા છાત્રાલય રોડ, સનાળા રોડ, મોરવી, મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૧ અને ભક્તિનગર સોસાયટી, શેરી નં.૩, સરદાર બાગ સામે, સનાળા રોડ, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧. શ્રી ઈશ્વરભાઈ ભગવાનભાઈ મોટકા (નિયુક્ત ભાગીદાર) સરનામું મું: ભાગ્ય લક્ષ્મી, ભક્તિનગર સોસાયટી, શેરી નં.૩, સત્યમ પાનવાળી શેરી, સનાળા રોડ, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧ અને શ્રીકુંજ-૨, પ્લોટ નં.-૬, અવધ-૪ની બાજુમાં, નાનીકિનાલ પાસે, કન્યા છાત્રાલય રોડ, સનાળા રોડ, મોરવી, મોરબી ગુજરાત-૩૬૩૬૪૧. મેસર્સ કાયરોસ સિરામિક (જામીનદાર) દુકાન નં. એફ-૪૧, પહેલો માળ, શક્તિ ચેમ્બર ૧, આદર્શ હોટલની સામે, ૮-એ નેશનલ હાઇવે, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૨. શ્રી યોગેશ અંબારામભાઈ ઘોડાસરા (નિયુક્ત ભાગીદાર) ખાનપર, તા. મોરબી, જિ: રાજકોટ ગુજરાત- ૩૬૩૬૪૧. શ્રી રવિકાંત તારકેશ્વર શાહ (નિયુક્ત ભાગીદાર) સરનામું મું: ૩૦૪, શ્રીજી પેલેસ, નટવર પાર્ક, ફ્લોરા હોમની સામે, મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૧ શ્રી નમન ચતુરભાઈ સરડવા (નિયુક્ત ભાગીદાર) બ્લોક નં ૨૪, પરશુરામ સોસાયટી પાછળ, રૂષભ નગર-૨, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧. શ્રી કિરીટ સુખદેવભાઈ મુંદડીયા (નિયુક્ત ભાગીદાર) વિરપર (એમ) ટંકારા, મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧. શ્રી દિવ્યેશ અંબારામભાઈ ઘોડાસરા (નિયુક્ત ભાગીદાર) દરિયાલાલ રિસોર્ટની સામે, ૮- એ એનએચ જાંબુડિયા, મોરબી- ૨, મોરબી ગુજરાત-૩૬૩૬૪૧. શ્રી જલ્પેશ મનસુખભાઈ પટેલ (નિયુક્ત ભાગીદાર) ૨૮, ચંદ્રલોક સોસાયટી, નવસર્જન શાળા પાસે, રાણીપ, અમદાવાદ ગુજરાત- ૩૮૨૪૮૦. શ્રી સાગર અમરશીભાઈ નેશડિયા (નિયુક્ત ભાગીદાર) બ્લોક નં-૨૦૩, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, સનાળા રોડ, મોરવી એમડીજી, મોરબી ગુજરાત-૩૬૩૬૪૧ અને ફ્લેટ નં. ૨૦૧ શિવમ એપાર્ટમેન્ટના બીજા માળે રવાપર રે.સ.નંબર ૧૭૭/૧, પ્લોટ નં. ૩ પૈકી, ઉમિયા ચોક, નારંગ મંદિર પાસે, રવાપર રોડ, રવાપર- મોરબી, તા. અને જિ. મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧. શ્રી ઈશ્વરભાઈ ભગવાનભાઈ મોટાકા (નિયુક્ત ભાગીદાર) ફ્લેટ નં. ૩ શિવરંજનીના ત્રીજા માળે વજેપર રે.સ. નં. ૧૦૪૦ પૈકી, પ્લોટ નં. ૫૦, ખોડિયાર પાર્ક, આલાપ પાસે, આલાપ રોડ, વજેપર, મોરબી. તા. અને જિલ્લો મોરબી ગુજરાત-૩૬૩૬૪૧. શ્રી ચંદ્રેશ અમરશીભાઈ નેશડીયા (નિયુક્ત ભાગીદાર) સતાધાર પાર્ક-૨ અંજની પાર્ક પાસે, રવાપર, મોરબી-૩૬૩૬૪૧. શ્રી અક્ષય કુમાર દિલીપકુમાર પટેલ (નિયુક્ત ભાગીદાર) ૫૨, પ્રતાપ પાર્ક, ઉમિયા મંદિર પાસે, ૮૦ ફૂટ રોડ, વઢવાણ શહેર ઇન્ડ. એસ્ટેટ સુરેન્દ્રનગર-૩૬૩૦૩૫. શ્રી અરવિંદકુમાર બાબુલાલ ધામેચા (જામીનદાર) સ્વ. બાબુલાલ ધામેચા, મહેન્દ્રનગર, મોરબી ૩૬૩૬૪૨. શ્રી રવિકુમાર જસમતભાઈ સાદરીયા (જામીનદાર) પ્લોટ નં-૨૩, ધર્મસિધિ સોસાયટી, મહાવીર સોસાયટી પાસે, મોરબી-૩૬૩૬૪૨. શ્રી મુક્તાબેન અમરશીભાઈ પટેલ (નેશડીયા) (જામીનદાર) ફ્લેટ નં-૨૦૩, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, સનાળા રોડ, મોરબી ૩૬૩૬૪૧ નેક્સ્ટઝેન ઓટોમેશન સિસ્ટમ (જામીનદાર) ૩, શિવા જી ચેમ્બર, નેશનલ હાઈવે, ૮-એ, મું. ઢુવા, તા. વાંકાનેર, રાજકોટ, ગુજરાત-૩૬૩૬૨૧. શ્રી ચતુરભાઈ મગનભાઈ સરાવડા (જામીનદાર) બ્લોક. નં.૨૪, રૂષભ નગર-૨, પરશુરામ સોસાયટી, મોરબી-૩૬૩૬૪૨ ગુજરાત. શ્રી કાળુભાઈ તળશીભાઈ પટેલ (જામીનદાર) પટેલ સ્ટ્રીટ, દૂધરેજ, તા.- વઢવાણ, સુરેન્દ્રનગર, ૧૧- ગુજરાત, પિન કોડ-૩૬૩૦૪૦. શ્રી દિલીપકુમાર તળશીભાઈ પટેલ (જામીનદાર) ૫૨, પ્રતાપ પાર્ક, ઉમિયા મંદિર પાસે, ૫૦ ફૂટ રોડ, વઢવાણ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૩૫ ધારા એન્ટરપ્રાઇઝ (જામીનદાર) ઔદ્યોગિક જમીન, રે.સ. નં. ૧૬૬૯, શેડ નં. સી-૧/૨૪૦, વઢવાણ જીઆઈડીસી, ફેઝ-૨. જીઆઈડીસી બ્રિજ પાસે, જીઆઈડીસી ફેસ-૨ રોડ, વઢવાણ, સુરેન્દ્ર નગર.	ફ્લેટ નં. ૩૦૪, વિસ્તાર માપન આશરે ૭૪.૯૦ ચોરસ મીટર, બહુમાળી ઈમારત "શ્રીજી પેલેસ" તરીકે ઓળખાય છે. રેવન્યુ સર્વે નં. ૧૭૫/૧ ના પ્લોટ નં. ૦૯ અને ૧૦ ના માપન આશરે ૩૬૦.૮૪ ચોરસ મીટર જમીન પર બાંધવામાં આવ્યું છે, જે "નટવર પાર્ક" તરીકે ઓળખાય છે. પૈકી ગામ: મહેન્દ્રનગર, તાલુકો અને જિલ્લો: મોરબી, ગુજરાત. માલિક/ગીરોઃ શ્રી રવિકાંત તારકેશ્વર શાહ	(અ) ૨૯.૦૯.૨૦૨૫ (બ) ૩૧/૦૮/૨૦૨૫ના રોજ રૂ.૪૨,૯૪,૭૫,૮૦૬.૭૬ (રૂપિયા બેતાલીસ કરોડ ચોરાણું લાખ પંચોત્તેર હજાર આઠસો છ અને છોત્તેર પૈસા માત્ર) વત્તા વધુ વ્યાજ અને એનપીએની તારીખથી શુલ્ક બાદ કરીને વસૂલાત, જો કોઈ હોય તો (ક) ૨૩.૦૧.૨૦૨૬ (ડ) પ્રતિકાત્મક કબજો	અનામત કિંમતઃ રૂ. ૧૬,૩૫,૦૦૦.૦૦ ઈએમડીઃ રૂ. ૧,૬૩,૫૦૦.૦૦ વધારાની બોલીઃ રૂ. ૫૦,૦૦૦.૦૦	૨૭/૧૦/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
		ખુલ્લી એનએ જમીન માપન આશરે ૮૯.૬૭ ચોરસ મીટરના પ્લોટ નં. ૪૬ સર્વે નં.૬૧ પૈકી ૧ પૈકી ૧ અને ૬૧ પૈકી ૨ ના ગામ: મહેન્દ્રનગર, તાલુકો અને જિલ્લો: મોરબી, ગુજરાત. માલિક/ગીરોઃ ઈશ્વરભાઈ ભગવાનજીભાઈ મોટકા પટેલ		અનામત કિંમતઃ રૂ. ૧૮,૯૬,૦૦૦.૦૦ ઈએમડીઃ રૂ. ૧,૮૯,૬૦૦.૦૦ વધારાની બોલીઃ રૂ. ૫૦,૦૦૦.૦૦	૨૭/૧૦/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
		ખુલ્લી એનએ જમીન માપન આશરે ૪૪૨.૯૫ ચોરસ મીટરના પ્લોટ નં. ૧૦ પૈકી પશ્ચિમ બાજુના રેવન્યુ સર્વે નં. ૧૨૧ પૈકીના ગામ: ઢુવા, તાલુકો વાંકાનેર, જિલ્લો: મોરબી, ગુજરાત. માલિક/ગીરોઃ નેક્સ્ટઝેન ઓટોમેશન સિસ્ટમ		અનામત કિંમતઃ રૂ. ૩૫,૮૮,૦૦૦.૦૦ ઈએમડીઃ રૂ. ૩,૫૮,૮૦૦.૦૦ વધારાની બોલીઃ રૂ. ૫૦,૦૦૦.૦૦	૨૭/૧૦/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
		ફ્લેટ નં. ૨૦૧ માપન સાથે કુલ બિલ્ટ અપ વિસ્તાર માપન આશરે ૧૪૮.૧૭ ચો.મી., બહુમાળી ઈમારત "શિવમ એપાર્ટમેન્ટ"ના બીજા માળે આવેલ જમીન પર બંધાયેલ પ્લોટ નં.૩ પૈકીના રેવન્યુ સર્વે નં.૧૭૭/૧ના ગામ: રવાપુરા, તાલુકો અને જિલ્લો: મોરબી, ગુજરાત માલિક/ગીરોઃ સાગર અમરશીભાઈ પટેલ અને મુક્તાબેન અમરશીભાઈ પટેલ (નેશડીયા)		અનામત કિંમતઃ રૂ. ૬૯,૫૮,૦૦૦.૦૦ ઈએમડીઃ રૂ. ૬,૯૫,૮૦૦.૦૦ વધારાની બોલીઃ રૂ. ૫૦,૦૦૦.૦૦	૨૭/૧૦/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
		રહેણાંક મકાન (કુલ બિલ્ટ અપ વિસ્તાર માપન આશરે ૮૪.૮૮ ચો.મી.) એનએ જમીન પર બંધાયેલ જમીન માપન આશરે ૨૩૮.૭૮ ચો.મી.ના પ્લોટ નં.૨૪ પૈકીના રેવન્યુ સર્વે નં.૭૬ પૈકીના ગામ: ત્રાજપર, તાલુકો અને જિલ્લો: મોરબી, ગુજરાત. માલિક/ગીરોઃ ચતુરભાઈ મગનભાઈ સરડવા		અનામત કિંમતઃ રૂ. ૭૮,૫૩,૦૦૦.૦૦ ઈએમડીઃ રૂ. ૭૮,૫૩,૦૦.૦૦ વધારાની બોલીઃ રૂ. ૫૦,૦૦૦.૦૦	૨૭/૧૦/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
		ઔદ્યોગિક શેડ નં. સી/૧-૨૪૦, જમીન પર બંધાયેલ માપન આશરે ૮૦૩.૩૩ ચો.મી.ના વઢવાણ ઔદ્યોગિક વસાહત, રેવન્યુ સર્વે નં. ૧૬૬૯, ગામ વઢવાણ, તાલુકો: વઢવાણ, જિલ્લો: સુરેન્દ્રનગર, ગુજરાત માલિક/ગીરોઃ મેસર્સ ધારા એન્ટરપ્રાઇઝ (માલિકી) (માલિક- શ્રીમતી રીટાબેન ડી. પટેલ)		અનામત કિંમતઃ રૂ. ૧,૩૪,૯૭,૦૦૦.૦૦ ઈએમડીઃ રૂ. ૧૩,૪૯,૭૦૦.૦૦ વધારાની બોલીઃ રૂ. ૧,૦૦,૦૦૦.૦૦	૨૭/૧૦/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી
		કારખાનાની જમીન અને ઈમારત (કુલ બિલ્ટ અપ વિસ્તાર માપન આશરે ૬૫૫૮.૩૪ ચો.મી.) બંધાયેલના કુલ એનએ જમીન માપન આશરે ૧૮૫૧૪.૦૦ ચો.મી., એનએ ઔદ્યોગિક હેતુ માટેના રેવન્યુ સર્વે નં.૧૧૫ પૈકીના ગામ: મકનસર, તાલુકો અને જિલ્લો: મોરબી, ગુજરાત માલિક/ગીરોઃ મેસર્સ કાયરોસ સિરામિક (ભાગીદારી પેઢી)		અનામત કિંમતઃ રૂ. ૧૦,૦૫,૮૭,૫૦૦.૦૦ ઈએમડીઃ રૂ. ૧,૦૦,૫૮,૭૫૦.૦૦ વધારાની બોલીઃ રૂ. ૫,૦૦,૦૦૦.૦૦	૨૭/૧૦/૨૦૨૬ સવારે ૧૧થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી	જાણતા નથી

સંપર્ક માટેઃ શ્રી નિરજ મહાલકા, અધિકૃત અધિકારી, SAM શાખા મુંબઈ, મોબાઈલઃ ૯૫૫૯૦૮૧૭૭૭, ઈમેઈલઃ zs8356@pnb.bank.in
ઈએમડી પછી બાકી રહેલી રકમ RTGS/NEFT દ્વારા કયા ખાતામાં જમા કરાવવાની છે તેની વિગતો – મું.: પંજાબ નેશનલ બેંક, બીઓઃ SAMB, મુંબઈ, એકાઉન્ટ નંબર ૮૩૪૫૦૦૩૧૭૧૧૮એ, આઈએફએસસી કોડઃ PUNB0835600

નિયમો અને શરતો :– આ વેચાણ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨માં નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશેઃ
૧. મિલકતો "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ", અને "જે છે તે" આધારે વેચવામાં આવી રહી છે.
૨. [illegible]
૩. [illegible]
૪. [illegible]
૫. [illegible]
૬. [illegible]
૭. [illegible]
૮. [illegible]
૯. [illegible]
૧૦. [illegible]
૧૧. [illegible]
૧૨. [illegible]
૧૩. [illegible]
૧૪. [illegible]

તારીખઃ [illegible]
સ્થળઃ મુંબઈ

અધિકૃત અધિકારી
પંજાબ નેશનલ બેંક
સુરક્ષિત લેણદાર માટે અને વતી

સરફેઈસી અધિનિયમ, ૨૦૦૨ના નિયમ ૮(૬) હેઠળ કાનૂની વેચાણ નોટિસ